पुणना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VII

# Gujarati

# Specimen copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | ચબૂતરો | 2 |
| 2 | પર્વત તારા | 6 |


## પાઠ - 1. ચબૂતરો

- ચિત્રપાઠ

➢ **અઘરા શબ્દો**

1) ચબૂતરો
2) ચણવા
3) મુશ્કેલી
4) નિસરણી



➢ **શબ્દાર્થ**

1) દયાળું = ભલા
2) ચબૂતરો = પક્ષીઓને ખાવા પીવાનું મળી રહે તે જગ્યા.

3) નિસરણી = સીડી
4) પાત્ર = વસ્તું
5) ચણવા = ખાવા
6) દાણાં = જુદા-જુદા પ્રકારનું અનાજ

## <u>સ્વાધ્યાય</u>

- <u>સાહિત્ય</u>

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ચબુતરો કોના માટે બાંધવામાં આવ્યો હશે?
જ) ચબુતરો પક્ષીઓ માટે બાંધવામાં આવ્યો હશે.

2) ચબુતરામાં શું નાંખવામાં આવે છે?
જ) ચબુતરામાં દાણાં નાંખવામાં આવે છે.

3) ચબુતરા ઉપર છત શા માટે બાંધવામાં આવે છે?
જ) પક્ષીઓને ખાવા-પીવાનું મળી રહે અને ગરમી – ઠંડીથી રક્ષણ મળે તે માટે ચબુતરા ઉપર છત બાંધવામાં આવે છે.

4) પંખીને પાણી પીવા માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે?
જ) પંખીને પાણી પીવા માટે એક પાત્રની વ્યવસ્થા કરવામાં આવી છે.

5) નિસરણીનો શો ઉપયોગ થતો હશે?
જ) ચબૂતરો થોડો ઉંચો હોવાથી ત્યાં દાણા અને પાણી નાંખવા અને ઉપર ચઢવા માટે નિસરણીનો ઉપયોગ થાય છે.

### પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ચબુતરા વિશે ચાર – પાંચ વાક્યો લખો.

જ) ચબુતરો દરેક ગામમાં હોય છે. ચબુતરો પક્ષીઓને દાણાં નાંખવા માટે બનાવાય છે. લોકો દાનમાં ચબુતરા બંધાવે છે.ચબુતરો ગામની વચ્ચે હોય છે. ચબુતરામાં દાણાં – પાણી નાંખવામાં આવે છે.

- **<u>વ્યાકરણ</u>**

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) લોકો | = | માણસો | 2) દયાળું | = | પ્રેમાળ |
| 3) ખૂબ | = | વધારે | 4) પ્રેમથી | = | સ્નેહથી |
| 5) સીડી | = | નિસરણી | 6) મુશ્કેલી | = | તકલીફ |
| 7) પાત્ર | = | સાધન | 8) ખુશ | = | આનંદી |

નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) દિવસ x રાત
2) નાના x મોટા
3) થોડું x વધારે
4) ઉંચો x નીચો

# <u>નિબંધ</u>

## <u>ચબૂતરો</u>

ચબૂતરો એટલે પંખીઓને બેસવા માટે, ચણવા માટે તેમ જ પાણી પીવા માટે કરવામાં આવેલી વ્યવસ્થા.

ભારત દેશમાં ત્રણ-ચાર દાયકા પહેલાંના દરેક ગલી કે ફળીયાંમાં નાનો કે મોટો ચબૂતરો લગભગ જોવા મળતો હતો. ભારતીય સંસ્કૃતિમાં પંખીઓને ચણવા માટે દાણા નાખવાનો અનેરો મહિમા છે, જેના પરિણામે આ ચબૂતરાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ચબૂતરામાં સામાન્ય રીતે પાંચ -છ ફૂટથી વધુ ઉંચાઇ પર બે-ત્રણ ચોરસ ફૂટ જેટલી જગ્યામાં છાપરી બનાવી છાંયો કરેલો હોય છે. એમાં પાણી માટે અલગ વ્યવસ્થા કરેલી હોય છે. ચબૂતરાની આસપાસ ચણ માટેના દાણા નાખવામાં આવે છે. આ ચણ ખાઇને પંખીઓ પાણી પી ને ચબૂતરા પર બેસી વિરામ કરી શકે છે.

- **પ્રવૃત્તિ**

**ચબૂતરા ની મુલાકાત લો અને જગ્યા નું નામ લખો.**

# <u>પાઠ- 2. પર્વત તારા</u>

- (પ્રાર્થના) સુરેશ દલાલ

- **<u>અઘરા શબ્દો</u>**




1) પર્વત
2) પહોળા
3) આંખ
4) ઈશ્વર
5) વિશાળું
6) સરવર
7) ખંભા

- **<u>શબ્દાર્થ</u>**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પર્વત | = | પહાડ | 2) | પહોળા | = | વિશાળું |
| 3) | આંખ | = | નયન | 4) | ઈશ્વર | = | ભગવાન |
| 5) | વિશાળું | = | મહાન | 6) | સરવર | = | સરોવર |
| 7) | ખંભા | = | ખભા | 8) | રળિયાત | = | સુંદર |
| 9) | તરણું | = | તણખલું | | | | |

## <u>સ્વાધ્યાય</u>

- **<u>સાહિત્ય</u>**

**પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) કવિ પ્રકુતિમાં કોના દર્શન કરે છે?
જ) કવિ પ્રકુતિમાં ઈશ્વરનાં દર્શન કરે છે.

2) કવિ કોને ભગવાનની આંખ ગણે છે?
જ) કવિ સરોવરને ભગવાનની આંખ ગણે છે.

3) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે?

જ) ઈશ્વર સંતાકૂકડી મેઘધનુષ્યનાં રંગોમાં રમી રહ્યો છે.

4) ઈશ્વર કયાં સ્વરૂપે સોગાદ આપે છે?

જ) ઈશ્વર ફૂલોની સુગંધ અને તેમના રંગો સ્વરૂપે સોગાદ આપે છે.

5) હોડીને કોણ હંકારતુ હશે?

જ) હોડીને ભગવાન હંકારતા હશે.

## પ્ર-2 નીચેની કાવ્યપંક્તિ સમજાવો.

રાડ, ત્રાડ ને લાડની સાથે મોરપિચ્છનો સૂર,
સંતાકૂકડી રમતો રમતો રહે નજીકને દૂર.

**સમજૂતિ-** હે ઈશ્વર તારી રાડ, ત્રાડ અને લાડની સાથે સુંદર સંગીત અમને મળતું રહે છે. તું ક્યારેક સાવ નજીક હોય તેમ લાગે છે, ક્યારેક એકદમ દૂર ભાસે છે.

## પ્ર-3 નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

તું તરણાંનો----------------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------આગિયા ભમરા.

- **વ્યાકરણ**

## પ્ર- 4 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો

1) આંખ = નેત્ર    2) દરિયો = સાગર

3) નાદ = અવાજ    4) વૃક્ષ = ઝાડ

5) ફૂલ = પુષ્પ

## પ્ર-5 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) પહોળું x સાંકડું    2) વિરાટ x વામન

3) નજીક x દૂર    4) અંધારુ x અજવાળું

## પ્ર-6 ઉદાહરણ પ્રમાણે કાવ્યમાંના પ્રાસની શબ્દજોડી બનાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વાત | = | રળિયાત | 2) | નાદ | = | સોગાદ |
| 3) | તમરાં | = | ભમરાં | 4) | સૂર | = | દૂર |
| 5) | વહે | = | કહે | | | | |

## પ્ર-7 ‘ સ’ અને ‘ શ’ થી બનતાં ચાર- ચાર શબ્દો લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) | શાખ | = | આબરૂ | સાખ | = | ઝાડ પર પાકેલું ફળ |
| 2) | શમ | = | શાંત થવું તે. | સમ | = | સોગંધ |
| 3) | રાશ | = | દોરડું | રાસ | = | ગરબો |
| 4) | શરત | = | હોડ | સરત | = | ધ્યાન |

- **પ્રવૃત્તિ**

ચિત્ર દોરો ( કુદરતી દ્દશ્ય )

